અનુસુચિત જાતિ / અનુસુચિત જનજાતિ (અત્યાચાર નિવારણ ) અધિનિયમ–૧૯૮૯ તથા નાગરિક હક્ક સંરક્ષણ અધિનિયમ ૧૯૫૫ ના અસરકારક અમલ માટે જાગરુકતા કેન્દ્રો ખોલવા બાબત
(બીસીકે– ૫૭– નાગરિક સેલ)

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: હસબ–૩૧૯૯–૨૫૨૫–હ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૯/૧૨/૨૦૦૩

વંચાણે લીધા:– ૧. ભારત સરકારના કલ્યાણ મંત્રાલય: જાહેરનામાં ક્રમાંક: જીએસઆર–૩૧૬(ઈ), તા. ૩૧–૩–૯૫ થી અમલમાં મૂકેલ અનુસુચિત જાતિ/અનુસુચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) નિયમો–૧૯૯૫
૨. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૧૬–૧૦–૨૦૦૦ ના ઠરાવ ક્રમાંક: હસલ–૩૧૯૯–૨૫૨૫–હ,

ઠરાવ:–

અનુસુચિત જાતિ/અનુસુચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ–૧૯૮૯ તથા નાગરિક હક્ક સંરક્ષણ અધિનિયમ–૧૯૫૫ના અસરકારક અમલીકરણ માટે અનુસુચિત જાતિ/અનુસુચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ– ૧૯૮૯ ની કલમ ૨૩ ની પેટા કલમ ૩ (૮) અને ૩(૯) અન્વયે આ કાયદાનો અસરકારક અમલ થાય અને અનુસુચિત જાતિના લોકોમાં પ્રસ્તુત કાયદાઓની વિસ્તૃત સમજ આપી શકાય તે હેતુથી ગુજરાત રાજ્યના ૧૭ જિલ્લાઓમાં બિનસરકારી સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા જાગરુકતા કેન્દ્રો શરુ કરવાની આમુખ (૨) માં જણાવેલ આ વિભાગના તા. ૧૬ ૧૦ ૨૦૦૦ ના ઠરાવથી મંજુરી આપવામાં આવી હતી.

પ્રસ્તુત યોજના હેઠળ રાજ્યના વધુ આઠ જિલ્લાઓમાં સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા જાગરુકતા કેન્દ્રો શરુ કરવાની અને પ્રત્યેક જાગરુકતા કેન્દ્ર દીઠ રૂ. ૧૫૦૦૦/– સુધીનું અનુદાન આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે નીચે જણાવેલ કુલ–૮ (આઠ) જિલ્લાઓમાં માન્ય બિન સરકારી સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા સંસ્થા દીઠ રૂ. ૧૫૦૦૦/– લેખે રૂ. ૧.૨૦ લાખના ખર્ચે કુલ ૮ (આઠ) જાગરુકતા કેન્દ્રો ખોલવા અંગે આથી મંજુરી આપવામાં આવે છે.

(૧) ગાંધીનગર (૨) નવસારી (૩) દાહોદ (૪) ડાંગ આહવા (૫) વલસાડ (૬) પાટણ (૭) નર્મદા (૮) આણંદ

બિનસરકારી સ્વૈચ્છિક સંસ્થાઓને જાગરુકતા કેન્દ્રોની મંજુરી આપવા નિયામકશ્રી અનુસુચિત જાતિ કલ્યાણએ સંસ્થાના સંચાલક/ પ્રમુખના નામ સાથે જીલ્લાવાર યાદી તૈયાર કરી સરકારશ્રીને દરખાસ્ત કરી મંજુરી મેળવવાની રહેશે.

આ અંગેની અન્ય શરતો અને જોગવાઈઓ આમુખ (૨) માં જણાવેલ વિભાગના તા. ૧૬ ૧૦ ૨૦૦૦ ના સરખા ક્રમાંકના ઠરાવમાં દર્શાવ્યા મુજબની રહેશે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

મળ્યાના ક્રમ
1 DEC 2003
સહી........

( એન કે. વસાવા )
સંયુકત સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન. મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
નિયામકશ્રી, અનુસુચિત કલ્યાણ, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રી,
સર્વે કલેકટરશ્રીઓ.
સર્વે જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી
સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રી
સર્વે જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (પંચાયત)
નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
આ વિભાગના સર્વે અધિકારીશ્રીઓ.
આ વિભાગની સર્વે શાખાઓ.
શાખા સિલેકટ ફાઈલ.

એચપેજ ૯૮/૯૯